

લાભ પાંચમનું મુર્હુત - દિવાળીના ચોપડા પૂજનથી થંભેલા વેપાર - વ્યવસાય લાભ પાંચમથી પુનઃ આરંભાતા બજારો ધમધમ્યા હતા... લાભ પાંચમે વેપારી એકમો - ઉદ્યોગ ધંધાનું મુર્હુત કરે છે... નાના વેપારી એકમોએ પણ તોલ-માપના કાંટાને પૂજન - અર્ચન કરી વેપાર આરંભ્યો હતો.

# નવા-જુના સચિવાલયમાં એસીબીનું સર્ચ ઓપરેશન

ગાંધીનગર, તા.૫

વિજીલન્સ અવેરનેસ વીક અંતર્ગત ગુજરાત એસીબી દ્વારા આજે ચાર ટીમો બનાવી રાજયના પાટનગર ગાંધીનગર ખાતેની નવા અને જુના સચિવાલય સહિતની વિવિધ કચરીઓમાં પેટ્રોલીંગ અને વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન આજે જુના સચિવાલયમાંથી બે અલગ અલગ વ્યકિત રૂપિયા ભરેલા કવર સાથે મળી આવ્યા છે. જે કવર ઉપર ફુડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારીઓના નામ હોવાનું જાણવા મળ્યું છે. એસીબીએ જાણવાજોગ નોંધીને બંને ખાનગી વ્યકિતઓની પુછપરછ શરુ કરી છે.

૩૧ ઓકટોબરથી ૫ નવેમ્બર દરમિયાન સતર્કતા જાગૃતિ સપ્તાહ રાખવામાં આવ્યું હતું. જે અંતર્ગત એસીબી દ્વારા શાળા-કોલેજો, કંપનીઓ તથા કચેરીઓમાં જનજાગૃતિ કાર્યક્રમો કર્યા હતા. તે ઉપરાંત કેટલાક સરકારી અધિકારીઓ-કર્મચારીઓની કચેરી તથા રહેણાંક વિસ્તારોમાં ખાનગી રાહે દિવાળી દરમિયાન વોચ પણ રાખવામાં આવી હતી. ગાંધીનગરના જુના સચિવાલય-નવા સચિવાલય તથા ઉદ્યોગભવન સહિત વિવિધ કચેરીઓમાં આજે એસીબીની ચાર ટીમોએ સર્ચ ઓપરેશન શરુ કર્યુ હતું. દરમિયાન જુના સચિવાલયમાંથી બે ખાનગી વ્યકિતઓ રોકડ રકમના કવર સાથે મળી આવ્યા હતા. એક વ્યકિતની પાસેથી રૂ. ૩૪,૮૦૦ અને બીજી વ્યકિત પાસેથી રૂ. ૧,૧૩,૦૦૦ રોકડ ભરેલા કવર મળી આવ્યા હતા જે કવર ઉપર ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીના નામ લખેલા હોવાનું પણ સુત્ર પાસેથી જાણવા મળ્યું છે. મળેલા રૂપિયા સંદર્ભે કોઈ સંતોષકારક ખુલાસો ન કરતાં ગાંધીનગર એસીબીમાં જાણવાજોગ દાખલ કરીને ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે.

# મહાત્મા મંદિરમાં અર્બન મોબીલીટી પર ૮મીએ રાષ્ટ્રીય સ્તરનો સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૫

૮મી નવેમ્બરના રોજ મહાત્મા મંદિર ખાતે અર્બન મોબીલીટી અંગેનો રાષ્ટ્રીય સેમિનાર યોજાશે. જે અંગેની તડામાર તૈયારીઓ શહેરી વિકાસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રી વેંકૈયા નાયડુની ઉપસ્થિતિમાં યોજાનાર આ રાષ્ટ્રીય સેમિનારમાં રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ ઉપસ્થિત રહેનાર છે.

શહેરીકરણની સમસ્યા અને ટ્રાન્સપોર્ટ સિસ્ટમને લઈ આ રાષ્ટ્રીય સ્તરનો સેમિનાર યોજાઈ રહ્યો હોવાથી ગુજરાત સરકાર દ્વારા પણ બી.આર.ટી.એસ. અને મેટ્રોરેલ જેવા મહત્વના પ્રોજેકટસ પર પ્રેઝેન્ટેશન રજુ કરશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ સેમિનારમાં માલ ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમના વિકલ્પો પર વિસ્તૃત ચર્ચાઓ થશે. આ ઉપરાંત શહેરી વિસ્તારની આંતર માળખાકીય સુવિધાઓ અને આજીવિકાઓને લઈ પણ ચર્ચાઓ થાય તેવી શક્યતાઓ છે.

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં વાયબ્રન્ટ સમિટ ૨૦૧૭ પૂર્વે શિક્ષણના રાષ્ટ્રીય સેમિનાર પછી શહેરી વિકાસ વિભાગ દ્વારા અર્બન મોબીલીટી પર આ સેમિનાર યોજાઈ રહ્યો હોવાથી તેનું વિશેષ મહત્વ છે. આ માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે.

આ સેમિનારની સ્પોન્સરશીપ માટે ગાંધીનગર મહાનગરપાલિકાએ પણ રૂ. પાંચ લાખ ફાળવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

# સે-૧૯ માં પાણીનો બોર ફેઈલ થતા પાણીનો પોકાર

## સેકટરમાં પાણીની સમસ્યાને ડામવા ત્વરિત નવો બોર બનાવાનુ કામ શરૂ

ગાંધીનગર તા ૫

શહેરના સે-૧૯માં છેલ્લા બે સપ્તાહથી પાણીની પોકાર ઉઠવા પામી છે. દિવાળીના તહેવારમાં પણ સેકટરમાં યોગ્ય ફોર્સથી પાણી ન આવતા સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. સેકટરનો પાણીનો બોર ફેઈલ થતા પાણીની સમસ્યા સર્જાઈ છે. જો કે તંત્ર દ્વારા તુરંત જ પાણીનો નવો બોર બાંધવાનુ કામ શરૂ કરી દેવાયો છે. જેથી ટુંકમાં જ સેકટરમાં પાણીની સમસ્યા હલ થઈ જશે.

શહેરના જુના સેકટરોમાં પાણીની સમસ્યાને હલ કરવા માટે તંત્ર દ્વારા થોડા સમય અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સેકટરોમાં બંધ બોરના લીધે પણ પાણીનો ફોર્સ આવતો ન હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જુના સેકટરોમાં સાત જેટલા બોર બંધ હાલતમાં હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા આ સેકટરોમાં નવા બોર બનાવવા માટે પણ દરખાસ્ત કરી દેવામાં આવી છે. બોર બનાવાના આયોજન અન્વયે ખર્ચને મંજુરી આપી દેવાયા બાદ કામ હાથ ધરાશે જયારે હાલ ગ્રામ્ય વિસ્તારમાં

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૭, ૧૩ અને ૨૮માંથી ડેન્ગ્યુના વધુ કેસ નોંધાયા

## ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૧૦૦ પર પહોંચી; બિનસત્તાવાર કેસોની સંખ્યા પણ મોટી હોવાની ચર્ચા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં આજે વધુ ૩ ડેન્ગ્યુના કેસ સે. ૭, ૧૩ અને ૨૮માંથી મળતાં ડેન્ગ્યુના કેસોએ સદી નોંધાવી છે.

ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુનો સત્તાવાર આંક ૧૦૦ પર પહોંચ્યો છે. વાહકજન્ય રોગચાળો નોટીફાઈડ થયો હોવા છતાં ખાનગી હોસ્પિટલોમાં નોંધાયેલા કેસો અંગે તંત્ર દ્વારા મૌન સેવવામાં આવી રહ્યું છે.

શહેરના નવા સેક્ટરો સે. ૭ અને ૧૩માં જે રીતે ડેન્ગ્યુના કેસો નીકળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. તંત્ર દ્વારા મળી આવેલા દર્દીઓના રહેઠાણના સ્થાનો પર સર્વેલન્સ અને એન્ટીલારવેલની કામગીરી કરવામાં આવી રહી છે.

દિપાવલીના પર્વ પછી ૧૫ થી વધુ ડેન્ગ્યુના કેસો મળી આવ્યા છે. જે ચિંતાજનક હોવાની સ્થિતિ દર્શાવે છે. ગાંધીનગર શહેર આમેય ડેન્ગ્યુ માટે સંવેદનશીલ વિસ્તારોની યાદીમાં સમાવિષ્ટ થયેલ છે. આ સિઝનમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૧૦૦ પર પહોંચી છે. ગત વર્ષે પણ આ કેસોની સંખ્યા ૧૦૦ને પાર કરી ગઈ હતી. હાલ ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરો માટે અત્યંત સાનુકૂળ વાતાવરણ પ્રવર્તી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે. ગાંધીનગર શહેરમાં નવા સેક્ટરોની સાથે સે. ૨૮ અને ૨૨, ૨૩માંથી પણ કેસો મળી રહ્યા છે. જો કે છુટાછવાયા કેસો મળતા હોવાથી તંત્રની દોડધામ વધી જવા પામી છે. આ ઉપરાંત શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી પણ આ વખતે કેસો મળતાં તંત્ર માટે સ્થિતિ ચિંતાજનક બની છે.

# સે. ૧૩માં ડેન્ગ્યુના કેસો મહાત્મા મંદિરમાં કાર્યક્રમોના આયોજકો માટે ચિંતાનો વિષય

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરના સે. ૧૩માં એક તરફ ડેન્ગ્યુના કેસો વધી રહ્યા છે ત્યારે બીજી તરફ આ સેક્ટરની લગોલગ આવેલ મહાત્મા મંદિરમાં રાષ્ટ્રીય સ્તરના સેમિનારોનું જે રીતે આયોજન થઈ રહ્યુ છે તેને લઈ સમગ્ર શહેરમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭ના આયોજનની પૂર્વ તૈયારીઓ તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે. મહાત્મા મંદિરની લગોલગ સે. ૧૩ આવેલ છે જ્યાં રોજેરોજ ડેન્ગ્યુના નવા નવા દર્દીઓ મળી રહ્યા છે.

ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છરો અને બ્રિડીંગ જે રીતે સે. ૧૩માંથી મળી રહ્યા છે તેને લઈ હવે આયોજકોની ચિંતા વધવા પામી છે અને આરોગ્ય તંત્રની ચિંતા પણ વધવા પામી છે.

ગાંધીનગર શહેરમાં ૧૦૦ જેટલા દર્દીઓ તો સિવિલ હોસ્પિટલમાં નોંધાયા છે ત્યારે તંત્ર માટે સે. ૧૩ અતિ સંવેદનશીલ બની ઉભરી રહ્યુ છે. સે. ૧૩માં અત્યાર સુધીમાં ૧૦થી વધુ કેસ નોંધાયા છે. બીજુ અહિ જે રીતે મચ્છરોના બ્રિડીંગ મળી રહ્યા છે તેને લઈ આયોજકો પણ ચિંતાતુર બન્યા છે. હાલ શહેરમાં ડેન્ગ્યુના મચ્છરો માટે સાનુકૂળ વાતાવરણ પ્રવર્તી રહ્યુ છે તેમજ ડેન્ગ્યુના મચ્છરો ડેબાઈટર છે અને તેને લઈ ચિંતા આયોજકોને સતાવી રહી છે. ૨ થી ૩ કિ.મી. સુધી ઉડી શકવાની ક્ષમતા મચ્છરની હોય છે જ્યારે મહાત્મા મંદિર અને સે. ૧૩ વચ્ચેનું અંતર તેથી પણ ઓછુ છે તે નોંધનીય છે.

# ચિલોડા ખાતે ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા બાઈક રેલી યોજાઈ

ગાંધીનગર ખાતે રવિવારે ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ઉપવાસ આંદોલનના પગલે ગુજરાતમાં દારૂબંધીની અમલદારી અને બેરોજગારોના પ્રશ્ને લાખો સંખ્યામાં ક્ષત્રિય સેનાના યુવાનો ઉપસ્થિત રહે તેના અનુસંધાને ચિલોડા વિસ્તારના ક્ષત્રિય ઠાકોર સેનાના હોદ્દેદારો દ્વારા જનજાગૃતિ અભિયાનરૂપે એક બાઈકરેલીનું આયોજન કર્યું હતું. આ બાઈકરેલી ચિલોડા મહાકાળી મંદિરના ચોકથી નીકળી ચિલોડા વિસ્તારના ૧૦ થી ૧૨ ગામોમાં પરિભ્રમણ કર્યુ હતુ. જેમાં ચિલોડા, ડભોડા, ધણપ વગેરે ગામોના ક્ષત્રિય યુવાનો જોડાયા હતા.



# પાણી પુરવઠા વિભાગ દ્વારા સતર્કતા જાગૃતિ સપ્તાહ અંતર્ગત સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૫

પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ઉજવાઈ રહેલ "સતર્કતા જાગૃતિ સપ્તાહ" અંતર્ગત ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે તા. ૫-૧૧-૧૬ શનિવારે ખાસ એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત તકેદારી આયોગના ઉપક્રમે તા. ૩૧ ઓક્ટોબરથી ૫ નવેમ્બર ૨૦૧૬ સુધી સતર્કતા જાગૃતિ સપ્તાહનું આયોજન કરેલ છે. આ આયોજનના ભાગરૂપે પાણી પુરવઠા વિભાગ દ્વારા તા. ૫-૧૧-૨૬ના રોજ ગાંધીનગર મુકામે ફોરેન્સીક યુનિવર્સિટી સેમિનાર હોલમાં એક દિવસીય સેમિનાર રાખવામાં આવ્યો હતો. સેમિનારનો આરંભ રાષ્ટ્રગાનથી કરવામાં આવ્યો હતો. આ સેમિનાર આરંભ સમયે પાણી પુરવઠા વિભાગના અગ્રસચિવ મુકેશ પુરી, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સભ્યસચિવ તુષાર ધોળકિયા, વાસ્મોના મુખ્ય કારોબારી અધિકારી એ.એમ. માંકડ, ગુજરાત રાજયના વિજીલન્સ કમિશનર, તેમજ સ્પીપાના હોદ્દેદારો, ગુજરાત કોન્ટ્રાકટર એસોસીએશનના પ્રતિનિધિઓ તથા અન્ય ગણ માન્ય નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



એચ.કે. દાસ, અધિક નિયામક (એસીબી) હસમુખભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં ૬૦૦થી વધુ સંખ્યામાં અધિકારી તથા કર્મચારીઓએ ભાગ લીધો હતો. સિંચાઈ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેરો સેમિનારના પ્રારંભે સ્વાગત પ્રવચન તુષાર ધોળકિયાએ કર્યુ અને પ્રાસંગિક પ્રવચન મુકેશ પુરીએ કર્યુ હતુ. એક દિવસીય સેમિનારમાં ડી.કે. વૈષ્ણવ (નિવૃત્ત) આસીસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ, સ્વામી નિખેલેશ્વરાનંદન, સેક્રેટરી રામકૃષ્ણ મિશન વડોદરા, જે.જે. શિયાણી, (નિવૃત્ત) મુખ્ય ઈજનેર, આર.એન્ડ.બી. ડીપાર્ટમેન્ટ, સી.એસ. ઉપાધ્યાય, જોઈન્ટ સેક્રેટરી સ્પે. ઓફીસર ઈન્કવાયરી ડીપાર્ટમેન્ટ, સી.પી. ઝીંઝુવાડીયા, નાયબ સેક્રેટરી, ગુજરાત વિજીલન્સ કમિશન, ડૉ. પ્રિયંકા કકર, આસીસટન્ટ પ્રોફેસર, ફોરેન્સીક યુનિવર્સિટી, જેવા મહાનુભાવો દ્વારા પોતાની સર્વિસ અને અનુભવનો જ્ઞાન પ્રકાશ ફેલાવી તમામ હાજર તાલીમાર્થીઓની કેળવણીના ભાગરૂપે જ્ઞાન પાઠવ્યુ અને તકેદારી આયોગ ઉપક્રમે આયોજીત સતર્કતા જાગૃતિ અભિયાનમાં એક દિવસીય સેમિનારનું મુળ હેતુ સાર્થક થયો હતો. જી.જે.ટી.આઈ.ના સંયુકત નિયામક ડી.જી. રામચંદાણી દ્વારા આભારવિધિ તથા વિનોદ નગાઈચ, કાર્યપાલક ઈજનેર દ્વારા વક્તાઓનો પરિચય આપવામાં આવ્યો હતો.

# જિલ્લામાં સેવાસેતુનો શુભારંભ

## ઈસનપુર મોટા અને જાસપુર ગામે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ૩૧૭૯ વ્યક્તિલક્ષી રજુઆતોનો નિકાલ







ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા અને જાસપુર ગામે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત અરજદારોને સંબોધતા મહિલા અને બાળ વિકાસ રાજ્ય મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી ડૉ. નિર્મલાબેન વાઘવાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં વહીવટી પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોની માગણી-લાગણી અને અપેક્ષાઓ ઝડપથી પૂર્ણ થાય તે માટે રાજ્ય સરકારે સેવા સેતુ અને પ્રગતિ સેતુ જેવા કાર્યક્રમો રાજયભરમાં યોજવાનું આયોજન કર્યુ છે. લોકોની માગણી-લાગણી અને અપેક્ષાઓ આવા કાર્યક્રમો થકી તત્કાલ ધોરણે ઉકેલાશે.

મંત્રી ડૉ. નિર્મલાબહેન વાઘવાણીએ જણાવ્યું હતું કે ગામડાના લોકોની વ્યક્તિલક્ષી રજૂઆતો અને પ્રસ્નોનું તત્કાલ ધોરણે નિરાકરણ આવે અને ઘર આંગણે જિલ્લાનું સમગ્ર વહીવટીતંત્ર હાજર રહીને આવક, જાતિ, ક્રિમીલેયર પ્રમાણપત્ર, રેશનકાર્ડ-આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, મા અમૃતમ યોજના તથા વાત્સલ્ય કાર્ડ સહિત રાજ્ય સરકારની વ્યક્તિલક્ષી યોજનાના લાભો જરૂરતમંદ લોકોને ઝડપથી પ્રાપ્ત થશે. મંત્રીના હસ્તે લાભાર્થીઓને વિવિધ યોજના અન્વયે કાર્ડ અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઈસનપુર મોટા ખાતે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, જિલ્લા કલેક્ટર સતીષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડી.પી. દેસાઈએ સેવાસેતુ કાર્યક્રમના વ્યક્તિલક્ષી રજૂઆતો માટે ઉભી રહેલ વ્યવસ્થા નિહાળી હતી.

સામાન્ય વહીવટ વિભાગના વસુતાપ્ર વિભાગના અગ્ર સચિવ અનીતા કરવાલ, ગાંધીનગર જિલ્લા પ્રભારી સચિવ સંજીવકુમારે ઈસનપુર મોટા ખાતે યોજાયેલ સવાસેતુ કાર્યક્રમમાં અરજદારો માટે ઉભી કરાયેલ વ્યવસ્થા નિહાળી અને વિશાળ સંખ્યામાં લાભાર્થીઓને મળીને વિસ્તૃત માહિતી મેળવી હતી.

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમમાં ૧૮૫૦ અને જાસપુર ખાતે ૧૩૨૯ મળી કુલ ૩૧૭૯ વ્યક્તિલક્ષી રજૂઆતોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

ઈસનપુરમોટા અને જાસપુર ગામે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ પ્રાંત અધિકારીની સીધી દેખરેખ હેઠળ યોજાયા હતા. ૧૯ જેટલા ગામોમાંથી આવેલ અરજદારો માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુંદર વ્યવસ્થાનું આયોજન કરીને લોકોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવે અને લોકોના કામ ઝડપી પૂર્ણ થાય તેવું આયોજન કરવામાં આવ્યું હતું.

ઈસનપુર મોટા ખાતે વિવિધ ગામોમાંથી આવેલ અરજદારો માટે મેડીકલ કેમ્પ, આર્યુવેદ કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પશુપાલન વિભાગ દ્વારા પશુસારવાર કેમ્પનો પણ લાભ ખેડૂતોએ લીધો હતો.

આ પ્રસંગે ગાંધીનગર તાલુકા પંચાયત પ્રમુખ કાળુજી ઠાકોર, ગાંધીનગર પ્રાંત અધિકારી રાકેશકુમાર વ્યાસ, કલોલ પ્રાંત અધિકારી સી.એમ. પાડલિયા, ગાંધીનગર મામલતદાર જોષી, સરપંચ રમણભાઈ પટેલ સહિત વિવિધ ગામોના સરપંચો, તલાટીઓ ઉપસ્થિત રહીને સેવાસેતુ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# રખડતા ઢોરનો આતંક...!!

ગાંધીનગરમાં રખડતા ઢોરનો આતંક દિવસે ને દિવસે માઝા મુકતો જાય છે. માત્ર રસ્તાઓ નહીં હવે તો સેકટરોમાં પણ ફરિયાદો વધી ગઈ છે. ગઈ કાલે સેકટર-૪-એમાં એક રખડતી ગાય તોફાને ચઢતા જેને ને તેને હડફેટે લેવા મંડી



હતી. આ ગાયની હડફેટે એક ધોરણ-૭માં અભ્યાસ કરતો કશ્યપ દરબાર નામનો બાળક આવી જતા તેને લોહી લુહાણ કરી નાંખ્યો હતો. બાળકને ગંભીર ઈજાઓ થતા સે-૪ના વસાહત મંડળના પ્રમુખ ભરતભાઈ તુરંત તેને સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા જયાં આ બાળકને આઈસીયુમાં દાખલ કરવો પડયો છે. આ બાબતની વસાહતીઓએ ગંભીર ફરિયાદ કરતા મનપાનું તંત્ર એકાએક નિંદ્રામાંથી જાગ્યું હતું અને સેકટર-૪માં રખડતા ઢોરો પકડવા આવી પહોંચ્યું હતું. જો કે તેમની કામગીરી દરમિયાન જ એક માથાભારે પશુપાલક લાકડી સાથે ધસી આવ્યો હતો અને દાદાગીરી કરી પશુઓને પકડવા બાબતે મનપાના કર્મચારીઓને દબડાવવા લાગ્યો હતો. છેવટે મનપાના કર્મચારીઓને પોલીસનો સહારો લેવો પડયો હતો પરંતુ શહેરમાં આવા માથાભારે પશુપાલકો દ્વારા કરાતી ખુલ્લે આમ લુખ્ખી દાદાગીરી ઘણું બધું કહી જાય છે, પ્રજાએ આવા તત્વો સામે સત્વરે જાગવાની જરૂર છે.